જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૨/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૭૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૮૮ | ૮ | ૧૦૯૯૬ | ૧૭૧૨૮ | ૮ | ૧૭૧૩૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૬૦ | ૭ | ૪૬૬૭ | ૬૧૮૧ | ૯ | ૬૧૯૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૫૨ | ૨ | ૨૫૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૦૮૭૮ | ૨૯૧ | ૨૧૧૬૯ | ૨૨૦૬૯ | ૩૦૦ | ૨૨૩૬૯ |
| કુલ | | ૩૬૫૮૮ | ૩૦૬ | ૩૬૮૯૪ | ૪૫૬૩૦ | ૩૧૯ | ૪૫૯૪૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮૨ | ૧૬,૨૩,૭૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪033 | ૪0,33,000/- |

# ચેઈન સ્નેચીગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન

## સરદારનગર પોલીસ સ્ટેશન ચેઈન સ્નેચીગના ગુનાના આરોપીને મુદ્દામાલ સાથે પકડી ચાર ગુનાઓ ડીટેક કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલંસ પો.સબ.ઇન્સ એમ.જી.ઢોડીયા સર્વેલંસ સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો. રમેશભાઇ રત્નાભાઇ બ.ન. ૯૯૩૬ તથા અ.પો.કો. સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ જેણે સોનાની ચેન થોડા સમય પહેલા તોડેલ હોય જે ઇસમે કે જેણે શરીરે બ્લેક છીકણી કલરનુ ગરમ સ્વેટર તથા બ્લેક કલરનું પેન્ટ પહેરેલ છે જે પોતે એક બ્લેક કલરની નંબર પ્લેટ વગરની સ્પેલ્ન્ડર પ્લસ મો.સા. લઇ પોતે ઉપરોક્ત સોના ની ચેન મુદ્દામાલ લઇ નહેરૂનગર કેવલ કચોરી થી કુબેરનગર તરફ જનાર છે " જે હકીકત આધારે કુબેરનગર જી વોર્ડ સર્કલ જાહેર રોડ ઉપર વોચમાં રહી આરોપી પિયુષ ઉર્ફે બોબી ઉર્ફે દેગડી કિશનભાઇ અભવેકર (છારા) નાનો મળી આવતાં જેની પુછપરછ કરતાં પોતે આસરે સાત- આઠ દીવસ પહેલાં સાંજના આશરે સાત સાડા સાત વાગ્યાના સમયે પોતાની સ્પેલ્ન્ડર પ્લસ મો.સા. સાથે કુબેરનગર દેવલાલીબજાર અંબેમાતાના મંદીર પાસે એક દુકાન આગળ એક બહેન ચાલતા જતા હતા ત્યારે તથા સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાની મો.સા. સાથે અલગ અલગ જગ્યાએ અલગ અલગ સમયે પોતે ત્રણ મહીલાઓ ના ગળામાંથી સોનાની ચેનો તોડેલાની કબુલાત કરતો હોય જેથી સદરી ને તા-૧૫/૧૨/૨૦૨૦ ના કલાક ૧૭/૧૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## આરોપી:-

પિયુષ ઉર્ફે બોબી ઉર્ફે દેગડી કિશનભાઇ અભવેકર (છારા) ઉ.વ ૨૨ રહે-મ.ન. ૭૮ ફ્રિ કોલોની છારાનગર પાણીની ટાંકી પાસે કુબેનગર સરદાર ગ્રામ રેલ્વે સ્ટેશન બાજુમાં કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

## મુદામાલ;-

(૧) સોનાની ચેઈન જેનુ વજન- ૬.૩૧ ગ્રામ ની ૨૨ કેરેટ ની છે જેની આશરે બજાર કીંમત રૂપીયા- ૨૫,૭૭૧/- તથા બ્લેક કલરની સ્પેલ્ન્ડર પ્લસ મો.સા. જેના આગળ પાછળ આર ટી ઓ નંબર પ્લેટ લગાવેલ નથી જેનો એન્જીન નંબર જોતા HA10AGK5H25709 તથા ચેસીસ નંબર- MBLHAW088K5H16159 નો જે મો.સા.ની કીંમત રૂપીયા- ૪૦,૦૦૦/- ની મત્તાનો

## શોધાયેલ ગુન્હા;-

(૧) સરદારનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૦૨૦૩૮૯૯/૨૦૨૦ ઇ.પી.કો.કલમ- ૩૭૯(એ)(૩) મુજબ

(૨)સરદારનગર પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૦૨૦૩૫૧૬/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)(૩) મુજબ

(૩) સરદારનગર પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં- ૧૧૧૯૧૦૪૦૨૦૩૬૬૫/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)(૩) મુજબ

(૪) સરદારનગર પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં- ૧૧૧૯૧૦૪૦૨૦૩૫૨૬/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)(૩) મુજબ

## કામગીરી કરનાર અધીકારી/કર્મચારી ;-

(૧) પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ (૨) પોલીસ સબ ઇન્સપેકટર એમ.જી.ઢોડીયા (૩) એ.એસ.આઇ.દીનકરભાઇ બ.ન. ૧૩૫૨૪ (૪) અ.હે.કો. રમેશભાઇ રત્નાભાઇ બ.ન. ૯૯૩૬ (૫) હે.કો.વિક્રમસિહ સુખદેવસિહ બ.ન. ૬૨૧૯ (૬) અ.પો.કો. સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ (૭) લોકરક્ષક ગોપાલસિંહ દશરથસિંહ બનં-૬૭૧ (૮) લોકરક્ષક યુવરાજસિંહ મહીપતસીંહ બનં-૪૫૧ (૯) લોકરક્ષક દિવ્યરાજસિહ કિશોરસિહ બ.ન.૧૨૯૬૯ (૧૦) લોકરક્ષક સંજયભાઇ કનુભાઇ બ.ન. ૧૧૫૦૧ (૧૧) લોકરક્ષક રીષભસિગ રામમહેશ બ.ન.૭૧૪૧વિગેરે



# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી

## " સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી  વિદેશી દારુની બોટલો નંગ-૫૯૭ કિ.રૂ. ૭૧,૬૪૦/ સાથે કુલ્લે રુપિયા ૨,૧૧,૬૪૦/- નો મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે તા.૧૬.૧૨.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સબ ઈન્સ.શ્રી એ.ડી.ચાવડા નાઓ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહÊ અહેકો યોગેન્દ્રસિંહ હઠીસિંહ, અહેકો મુકેશભાઇ રામભાઇ, અહેકો દિલીપસિંહ પૃથ્વીસિંહ તથા અહેકો શૈલેષ દેવાભાઇ વિગેરે માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે કુબેરનગર રેલ્વે પાટાની બાજુમાં, ઠાકોર વાસની સામે, આઝાદ માર્કેટીંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ પ્રા.લી. પાસે રેઈડ કરતા સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૫૯૭ કિ.રૂ.૭૧,૬૪૦/Ê મોબાઈલ ફોન નંગ-૧ કિ. રૂ.૧૦,૦૦૦/ તથા ત્રણ ટુ વ્હીલર કિંમત રૂ.૧,૩૦,૦૦૦/- મળી કુલ્લે કિંમત રૂ.૨,૧૧,૬૪૦/- નો મુદામાલ પકડી પાડી આ કામે પાચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૦૨૦૪૦૪૦/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬બી),૯૮(૨),૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**નહી મળી આવેલ વોન્ટેડ આરોપીઓ :**

(૧) રાજુ ઉર્ફે ગેંડી રૂપચંદ ક્રિષ્નાની(સિંધી) રહે. મ.નં.૩૬૦, સિન્ધી કોલોની, બગીચાની પાછળ, સરદારનગર, અમદાવાદ

(૨) શ્રવણ ઉર્ફે બલીયો જોરાજી ઠાકોર રહે. વાલ્મીકી આવાસ યોજના, નોબલનગર, અમદાવાદ

(૩) સુઝુકી એક્સેસ નં.GJ-01-US-6114 નો ચાલક

(૪) સુઝુકી એક્સેસ GJ-27-TC-0042 નો ચાલક

(૫) હોન્ડા એક્ટીવા નં.GJ-01-UF-9792 નો ચાલક તથા તપાસમાં મળી આવે તે

**ગુનાની જગ્યા :**

કુબેરનગર રેલ્વે પાટાની બાજુમાં, ઠાકોર વાસની સામે, આઝાદ માર્કેટીંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ પ્રા.લી.પાસે જાહેરમા

## પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૫૯૭ કિ.રૂ.૭૧,૬૪૦/Ê (૨) મોબાઈલ ફોન નંગ-૧ કિ. રૂ.૧૦,૦૦૦/ (૩) સુઝુકી એક્સેસ નં.GJ-01-US-6114 કિ.રૂ. ૫૦,૦૦૦/ (૪) સુઝુકી એક્સેસ GJ-27-TC-0042 કિ.રૂ. ૫૦,૦૦૦/ (૫) હોન્ડા એક્ટીવા નં.GJ-01-UF-9792 કિ.રૂ. ૩૦,૦૦૦/ મળી કુલ્લે રૂ.૨,૧૧,૬૪૦/-ની મતાનો મુદામાલ



# પાસા અટકાયતની વિગત

## આનંદનગર પોલીસ સ્ટેશન

## આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગાર રમાડતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરતી આનંદનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ તરફથી દારૂ-જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સદર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધ જરૂરી અટકાયતી પગલા લેવા સારૂ સુચના કરેલ હોય જે સુચના આધારે એસ.જે.બલોચ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર આનંદનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અગાઉ જુગાર ધારાના કેશમાં પકડાયેલ આરોપી મહિપાલસિંહ દોલતસિંહ નારસિંહ જાતે-ચૌહાણ ઉ.વ-૪૩ રહે-૮,નટવર શ્યામ સોસાયટી, હેવન પાર્કની બાજુમાં, રામદેવનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-વાડાકુંડલા તા- આસપુર જી–ડુંગરપુર રાજસ્થાન નાઓને પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના અટકાયતી હુકમ ક્રમાક પીસીબી/ ડીટીએન/પાસા/૧૩૨૮/૨૦૨૦ તા-૧૬/૧૨/૨૦૨૦ આધારે સદરી પાસા અટકાયતીને તા-૧૬/૧૨/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધસ્થ જેલ લાજપુર સુરત ખાતે પાસા હેઠળ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા-૧૬/૧૨/૨૦૨૦

## પાસા અટકાયતી નામ -

**મહિપાલસિંહ દોલતસિંહ નારસિંહ જાતે- ચૌહાણ રહે- ૮ ,નટવર શ્યામ સોસાયટી , હેવન પાર્કની બાજુમાં, રામદેવનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-વાડાકુંડલા તા- આસપુર જી–ડુંગરપુર રાજસ્થાન**

## કામગીરી કરનાર -અધીકારી/કર્મચારી-

**(૧)પો.સબ.ઇન્સ કે.બી.મીર**

**(૨)અ.હે.કોન્સ શૈલેષભાઇ મોહનભાઇ**

**(3)અ.હે.કોન્સ વિજયદાન મોજદાન**

**(૪)અ.પો.કો ગભરૂભાઇ ધાનાભાઇ**

**(૫)અ.પો.કો કલ્પેશભાઇ કાનજીભા**



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૧૭૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૮૮૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૧૭૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૧૭૭/૨૦૨૦**

**સાયબર ક્રાઈમ**: રંગનાથ કેદારનાથ મિશ્રા (ઉ.વ.૪૫) (રહે. લક્ષ્મીનગર નાગરવેલ અમરાઇવાડી) એ તા.૧૬/૧૨/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૦ પહેલા અજાણી વ્યક્તિએ રંગનાથ મિશ્રાના પાનકાર્ડ તેમજ આધારકાર્ડની નકલો મેળવી લઇ KABIR CELLULAR મોબાઇલ શોપમાં રંગનાથ મિશ્રાની જગ્યાએ તેઓના ફોટા પડાવી અને ડોક્યુમેન્ટમાં રંગનાથ મિશ્રાના નામની ડુપ્લીકેટ સહીઓ કરી, જે ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી ડોક્યુમેન્ટની નકલો તેમજ ફોટા અપલોડ કરાવી, બજાજ ફાઇનાન્સમાંથી લોન મેળવી આઈફોન કિમત રૂપિયા ૬૯,૯૦૦/- ખરીદ કરી તેમજ તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ આઈડીએફસી કેપીટલ બેન્કમાંથી લોન મેળવી વન પ્લસ-૮ મોબાઈલ કિમત રૂપિયા ૪૯,૯૯૯/- ખરીદ કરી ઇન્ટરનેટના માધ્યમથી વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૨૧૭૮/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટ**: હિતેશકુમાર સ/ઓ વિઠ્ઠલભાઇ પટેલ (રહે. મૌય એપાર્ટ્મેનટ સંસ્કાર ટાવરની બાજુમાં કેમ્બે ગ્રાન્ડ હોટલ સામે થલતેજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૦ બપોરના ૨/૧૫ થી ૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની પેન્ડલ-બુટ્ટી તથા સોનાની વીંટી આશરે કિમત રૂપિયા ૨૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૯/૨૦૨૦**

**રાણીપઃ** દિપીકાબહેન અંકિતકુમાર દોશી (ઉ.વ.૨૯) (રહે. સુર્યઅમી એપાર્ટમેન્ટ ભાવના-રો હાઉસની બાજુમાં જી.એસ.ટી.ફાટક રોડ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનર શ્રી "એલ" ડીવિઝન ચલાવે છે.

**શહેરકોટડાઃ** રાકેશસિહ કલ્યાણસિહ સિકરવાર (ઉ.વ.૪૦) (રહે. ભાટીની ચાલી રાજસ્થાન વિડીયો પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લગાવેલ હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બટુકસિહ કાભઇભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ (૧)** સંક્લ્પ જયંતીલાલ સોલંકી (ઉ.વ.૨૮) (રહે. જય જગત સોસાયટી કબાડી નંબર-૩ પાસે બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકરભાઇ વાલજીભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ (૨)** મગનભાઇ ટાભાભાઇ ચાવડા (ઉ.વ.૫૩) (રહે. કાચા છાપરાં બહેરામપુરા ચાર માળીયા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૨/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૨/૨૦૨૦ કલાક ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભુપેન્દ્રસિહ વિક્રમસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી